# Royal Higher Secondary School - Dhoraji

**Std :- 12th** **Sub : B.A.** **Date : 29-01-2025**

**Time :- 3:15 hours** **Round -02** **Marks :- 100**

## વિભાગ A

**નીચે આપેલા પ્રશ્ન 1 થી 20 હેતુલક્ષી પ્રકારના છે. આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*** **20**

**1.** આયોજન એ ધંધાકીય સાહસનું મગજ છે, તો વ્યવસ્થાતંત્ર એ શું છે?
(a) હૃદય (b) હાથ-પગ (c) શારીરિક માળખું (d) રક્ત

**2.** વૈજ્ઞાનિક સંચાલન વિચારધારાના પ્રણેતા કોણ છે?
(a) પીટર એફ. ડ્રકર (b) હેનરી ફેયોલ (c) ફ્રેડરિક ટેલર (d) લ્યૂથર ગ્યુલિક

**3.** નીચેનામાંથી આયોજનનું ઘટક જણાવો.
(a) સતત પ્રક્રિયા (b) અંકુશ (c) દોરવણી (d) નિયમો

**4.** કાર્યોના વિભાગીકરણને કારણે શું શક્ય બને છે?
(a) વિશિષ્ટીકરણ (b) આયોજન (c) સંકલન (d) દોરવણી

**5.** નીચેનામાંથી શું અપનાવવાથી ભાવિ સંચાલકો તૈયાર કરી શકાય?
(a) શ્રમવિભાજન (b) વિકેન્દ્રીકરણ (c) કેન્દ્રીકરણ (d) વિમૂડીકરણ

**6.** કર્મચારીઓ ધંધાકીય એકમની શું છે?
(a) મૂડી સમાન છે. (b) જવાબદારી છે. (c) શક્તિ છે. (d) અમૂલ્ય મિલકત છે.

**7.** ઉમેદવારની આવડત કઈ કસોટી દ્વારા નક્કી થાય?
(a) બુદ્ધિ કસોટી (b) અભિરુચિ કસોટી (c) મનોવૈજ્ઞાનિક કસોટી (d) ધંધાકીય કસોટી

**8.** નેતૃત્વના અમલ માટે શાનું અસ્તિત્વ હોવું જરૂરી છે?
(a) નિરીક્ષકો (b) નિયોજકો (c) તાબેદારો (d) સંચાલકો

**9.** માનવસંબંધો અને મિત્રતા પર આધારિત માહિતીસંચાર એટલે .... .
(a) લેખિત માહિતીસંચાર (b) મૌખિક માહિતીસંચાર (c) ઔપચારિક માહિતીસંચાર (d) અનૌપચારિક માહિતીસંચાર

**10.** સંચાલનનું કયું કાર્ય અંકુશના જન્મદાતા તરીકે ઓળખાય છે?
(a) આયોજન (b) વ્યવસ્થાતંત્ર (c) કર્મચારી-વ્યવસ્થા (d) દોરવણી

**11.** રોકાણ અંગેના નિર્ણયો એટલે .... .
(a) મૂડી-પડતર (b) મૂડી-બજેટિંગ (c) મૂડીમાળખું (d) નફાનું પુનઃરોકાણ

**12.** સંપત્તિના મહત્તમીકરણનો અભિગમ કયા ખ્યાલ ઉપર આધારિત છે?
(a) રોકડ પ્રવાહ (b) સામાજિક જવાબદારી (c) સંપત્તિના વર્તમાન મૂલ્ય (d) નફાકારકતા

**13.** ટ્રેઝરી બિલ ભારત સરકાર વતી કોણ બહાર પાડે છે?
(a) સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (b) રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (c) સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા (d) નાણાકીય સંસ્થાઓ

**14.** ટ્રેઝરી બિલની મુદત કેટલી હોય છે?
(a) 182 દિવસ (b) 365 દિવસ (c) 14 દિવસ (d) 90 દિવસ

**15.** બ્રાન્ડિંગનો મુખ્ય ઉદ્દેશ કયો છે?
(a) પેદાશ વધુ ટકાઉ બનાવવાનો (b) પેદાશ કાયદા મુજબ બનાવવાનો
(c) પેદાશની જાહેરાત કરવાનો (d) હરીફોની પેદાશથી પોતાની પેદાશ અલગ બનાવવાનો

**16.** પેદાશ વિશેની બધી માહિતી સવિસ્તર કોણ દર્શાવે છે?

(a) નિશાની (b) લેબલ (c) પૅકેજિંગ (d) ટ્રેડમાર્ક

**17.** નીચેનામાંથી કયો હક ગ્રાહક સુરક્ષાના કાયદા – 1986 મુજબ નથી?

(a) સુરક્ષા (b) પ્રાથમિક જરૂરિયાતો (c) જાણકારી (d) પસંદગી

**18.** ભારત સરકારે પર્યાવરણને પ્રદૂષિત થતું અટકાવવા માટે ક્યા માર્કની યોજના બહાર પાડી છે?

(a) એગમાર્ક (b) હૉલ માર્ક (c) ઈકો માર્ક (d) આઈ.એસ.આઈ. માર્ક

**19.** ₹ 20 લાખ સુધીના દાવાની ફરિયાદ સાંભળી તેનો નિકાલ કરે છે ... .

(a) રાજ્ય કક્ષાનો આયોગ (b) જિલ્લા કક્ષાનું ફોરમ

(c) રાષ્ટ્રીય કક્ષાનો આયોગ (d) આંતરરાષ્ટ્રીય ફોરમ

**20.** ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની શરૂઆત ક્યા વર્ષથી થઈ?

(a) 1951 (b) 1991 (c) 2001 (d) 2011

## વિભાગ B

**નીચે આપેલા પ્રશ્ન 21થી 30ના *એક* વાક્યમાં ઉત્તર લખો:** *[પ્રત્યેકનો 1 ગુણ]* **10**

**21.** CEOનું વિસ્તૃત રૂપ લખો.

**22.** આયોજન ક્યાં ક્યાં ક્ષેત્રમાં જોવા મળે છે?

**23.** ક્યા વ્યવસ્થાતંત્રને લશ્કરી વ્યવસ્થાતંત્ર કહેવાય છે?

**24.** શ્રેણિક વ્યવસ્થાતંત્ર એટલે શું?

**25.** પસંદગીની પ્રક્રિયાનો આધાર જણાવો.

**26.** આધુનિક માહિતીસંચારનાં સાધનો જણાવો.

**27.** કઈ જામીનગીરી બહાર પાડવાનો ખર્ચ પ્રમાણમાં ઓછો આવે છે?

**28.** ડિપોઝિટરી કાયદો ક્યારે અમલમાં આવ્યો?

**29.** વેચાણવૃદ્ધિ એટલે શું?

**30.** જિલ્લા કક્ષાના ફોરમના ચુકાદાથી સંતોષ ના હોય, તો પક્ષકારે કેટલા દિવસમાં ક્યાં પુનઃવિચારણા માટે અરજી કરવી પડે છે?

## વિભાગ C

નીચે આપેલા પ્રશ્ન 31થી 47માંથી કોઈ પણ *તેર* પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : *[પ્રત્યેકના 2 ગુણ]* **26**

**31.** સંચાલનની ઉચ્ચ સપાટીએ કોનો સમાવેશ થાય છે?

**32.** 'Rule of Thumb' કોને કહે છે?

**33.** હેતુનિર્ધારણ એટલે શું?

**34.** પ્રતીક્ષાયાદી સમજાવો.

**35.** "કર્મચારી-વ્યવસ્થા એ માત્ર કર્મચારી-કલ્યાણ પ્રવૃત્તિ નથી." શા માટે?

**36.** વૈધિક માહિતીસંચારની ટૂંકમાં સમજૂતી આપો.

**37.** "અંકુશ એ રચનાત્મક પ્રવૃત્તિ છે." સમજાવો.

**38.** "અંકુશનો હેતુ સુધારાલક્ષી પગલાં લેવાનો છે." સમજાવો.

**39.** "મૂડીમાળખું એ માલિકીની મૂડી અને દેવાંનું મિશ્રણ છે." સમજાવો.

**40.** ડિમટીરિયલાઇઝેશન એટલે શું?

**41.** લેબલિંગનાં ચાર કાર્યો દર્શાવો.

**42.** પેદાશ વિભાવનાની સમજ આપો.

**43.** સારા વેચાણકર્તાની કોઈ પણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.

**44.** જાહેરહિતની અરજી વિશે ટૂંકમાં જણાવો.

**45.** ખરીદેલી વસ્તુનું બિલ શા માટે જરૂરી છે?

**46.** ઉદારીકરણનો અર્થ સમજાવો.

**47.** ખાનગીકરણ એટલે શું?

## વિભાગ D

નીચે આપેલા પ્રશ્ન 48થી 59માંથી કોઈ પણ *આઠ* પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો : *[પ્રત્યેકના 3 ગુણ]* **24**

**48.** માનવ-સંસાધન સંચાલનનું મહત્ત્વ સમજાવો.

**49.** મધ્ય સપાટી સંચાલનનાં કાર્યો જણાવો. (ગમે તે *છ*)

**50.** સંચાલનના સિદ્ધાંતોના મહત્ત્વ અંગે ચર્ચા કરો.

**51.** કાર્યકારી યોજના, આકસ્મિક યોજના અને એક ઉપયોગી યોજના સમજાવો.

**52.** વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતાઓ સમજાવો. (કોઈ પણ *છ*)

**53.** શ્રેણિક વ્યવસ્થાતંત્ર વિશે નોંધ લખો.

**54.** તાલીમનું મહત્ત્વ સમજાવો. (ગમે તે *છ* મુદ્દા)

**55.** અંકુશનું મહત્ત્વ સમજાવો. (ગમે તે *છ* મુદ્દા)

**56.** નાણાકીય સંચાલનના હેતુઓ સમજાવો. (કોઈ પણ *છ* મુદ્દા)

**57.** નૅશનલ સિક્યોરિટિઝ ડિપૉઝિટરી લિમિટેડ વિશે ટૂંક નોંધ લખો.

**58.** વેચાણવૃદ્ધિની છ પ્રયુક્તિઓ સમજાવો.

**59.** વૈશ્વિકીકરણનો અર્થ આપી, તેની ચાર નકારાત્મક અસરો જણાવો.

## વિભાગ E

નીચે આપેલા પ્રશ્ન 60થી 65માંથી કોઈ પણ *ચાર* પ્રશ્નોના વિસ્તારપૂર્વક ઉત્તર આપો : *[પ્રત્યેકના 5 ગુણ]* **20**

**60.** સંચાલનની વિવિધ સપાટીઓની આકૃતિ દોરી, તળ સપાટીનાં કાર્યો જણાવો.

**61.** આયોજનની વ્યાખ્યા આપી, તેની પ્રક્રિયા સમજાવો.

**62.** ભરતી એટલે શું? તેનાં આંતરિક પ્રાપ્તિસ્થાનો સમજાવો.

**63.** માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ આકૃતિ સહિત સમજાવો.

**64.** માહિતીસંચારના અવરોધો સમજાવો.

**65.** ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ ગ્રાહકોને મળતા અધિકારો સમજાવો.